

## પાલનપુર નજીક સફાઈના મુદ્દે મારામારી થતા આઠ જણ ઘાયલ

વડગામ તાલુકાના રૂપાલ ગામના દેવી પૂજક પરિવાર વચ્ચે સફાઈના બાબતમાં મારામારીમાં આઠ જણને ગંભીર ઈજા થતા પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સફાઈ જેવી સામાન્ય નજીવી બાબત વડગામ તાલુકાના રૂપાલ ગામના દેવીપૂજક પરિવાર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેમાં સામેના પરિવારે તિક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરતા મારામારીમાં આઠ લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમને સારવાર માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે મહોલ્લામાં ઉકરડો નહીં કરવાની બાબતે થયેલ એક સમાજના બે પરિવારના ઝગડો પોલીસમથક સુધી પહોંચ્યો છે અને હુમલો કરનાર સામે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે. હાલમાં મારમારીમાં ઘાયલ થયેલ તમામ લોકો પાલનપુરની સિવિલમાં સારવાર લઈ રહ્યા છે.

# શિહોરીમાં સોડા-શરબતની આડમાં દારૂનો વેપાર

### ભૈરવકૃપા સોડા સેન્ટર અને જયઅંબેની લારીઓ ઉપર ડીવાયએસપી અક્ષયરાજ મકવાણાએ છાપો મારતા ખળભળાટ : લારીઓ જપ્ત

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં પાટણ નાળાથી થોડા આગળ સોડાની બે લારીઓ ઉપર એએસપી અક્ષયરાજ મકવાણાએ રેડ કરી હતી. જેમાં સોડાના ધંધાની આડમાં દારૂનો દંધો કરતા હોવાની શંકાના આધારે પોલીસે રેડ કરતા વિદેશી દારૂની બોટલો, બીયર તેમજ ઠંડા પીણાના કેરેટ તેમજ ઠંડા પાણીની બોટલ અને પાણીના પાઉચ મળી આવ્યા હતા. જો કે આ ઠંડા પીણાની આડમાં વિદેશી દારૂનો ધંધો કરતા બુટલેગરો સામે શિહોરી પીએસઆઈ એચ.કે. મકવાણા અને પોલીસ સ્ટાફ સાથે એએસપી મકવાણાએ રેડ કરી તમામ જગ્યાએ તપાસ કરતા ૮ નંગ બીયર ટીન દિનુભા ડાભીની લારીમાંથી અને ૧૧ નાની બોટલ મુકેશસિંહ ડાભીની લારી ઉપરથી મળી આવતા બન્ને જણ સામે પ્રોહિ. કલમનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જો કે સોડા-સરબતની બન્નેની સ્ટેન્ડને શિહોરી પોલીસ મથકે લાવી વધુ તપાસ હાથ ધરી છે. આમ શિહોરી પાટણ રોડ ઉપર સોડા-સરબતની આડમાં ચાલતા વિદેશી દારૂના ધંધાનો પર્દાફાશ થવા પામ્યો હતો. અને પોલીસે બુટલેગરો સામે તવાઈ બોલાવી ગુનો દાખલ કરતા બુટલેગરો ફરાર થઈ ગયા હતા. અને પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.




આ પણ વાંચીએ...

### બિલાડીઓ માટે લડ્યાં બ્રિટન રશિયા

બ્રિટન અને રશિયા વચ્ચે આમ પણ પહેલાંથી જ સંબંધો તંગ રહ્યા છે. આ બન્ને દેશો હવે બિલાડીઓ માટે લડી રહ્યા છે. હાલમાં લંડનમાં બે કેટ શૉ ચાલી રહ્યા છે. વર્લ્ડ બેસ્ટ કેટ માટે ઘણાં દેશો વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે.



બ્રિટનની સ્થાનીક બિલાડી સ્ટોનહેજ અને રશિયાની સ્કોટીશ ફોલ્ડ આ ખીતાબ માટે અગ્રેસર રહી છે. આ બિલાડીઓને જીતાડવા જે તે દેશના પ્રસંશકો જી જાનથી મહેનત કરી રહ્યા છે.

### દોડમાં જીતશો તો બનશો કોયલા સમ્રાટ


ઈંગ્લેન્ડના ડરહમમાં તાજેતરમાં ખુબ જ રસપ્રદ દોડનું આયોજન થયુ. આ દોડમાં ભાગ લેનારાઓએ પોતાની પીઠ પર કોલસાની ૫૦ કિલોની બોરી ઉપાડી હતી. બોરી ઉપાડીને થનાર દોડમાં વિજેતા થનારને 'કોયલા સમ્રાટ'નું બિરૂદ આપવામાં આવે છે.



આ વર્ષે યોજાયેલી દોડમાં એન્ડ્યુ કોરીગન વિજેતા રહ્યા હતા.

### અહીં લગ્ન માટે વરરાજા જરૂરી નથી

એક કંપની દ્વારા એવી સુવિધા આપવામાં આવી રહી છે કે જેમાં યુવતીઓ વગર વરરાજાએ લગ્ન કરી શકે છે. જે યુવતીઓ લગ્ન તો કરવા ઈચ્છે છે પરંતુ કોઈ યુવક સાથે આખી જીંદગી રહેવા ઈચ્છતી નથી. તેમના માટે કંપનીએ બધી સુવિધાઓ સાથેનું પેકેજ ઉપલબ્ધ કરાવ્યુ છે. આ પેકેજમાં મેકઅપ, ફોટોગ્રાફી અને લગ્નની પાર્ટીનો સમાવેશ થાય છે.



# મોરબીમાં ડૉ. પ્રશાંત મેરજાની નવમી પૂણ્યતિથિએ યોજાયેલ સર્વરોગ નિદાન સારવાર યજ્ઞ

મોરબી, તા. ૨૪

જાહેર જીવનના અગ્રણી બ્રિજેશભાઈ મેરજાના ૨૩ વર્ષના યુવાન પુત્ર ડૉ. પ્રશાંત મેરજાનું ૯ વર્ષ પહેલા કાર અકસ્માત થતા તેમની સ્મૃતિમાં પ્રતિવર્ષ સેવાકીય પ્રવૃત્તિઓ યોજીને વિશિષ્ટ અંજલિ મેરજા પરિવાર દ્વારા આપવામાં આવે છે. મોરબી ખાતે સતવારા સમાજની વાડી વિસ્તારમાં ગરીબ દર્દીઓને તજજ્ઞ ડૉક્ટરોની સેવાનો લાભ મળે તે ઉમદા હેતુથી ૮ જેટલા મોરબીના નામાંકિત ડૉક્ટરો દ્વારા ૨૨૭ જેટલા વિવિધ દર્દીઓને તપાસીને નિઃશુલ્ક દવા અને સારવાર આપવામાં આવી હતી તેમજ માતૃશ્રી વજીબેન અમરશીભાઈ મેરજાની પ્રથમ વાર્ષિક સ્મૃતિએ સેવાકીય કાર્યો થકી શ્રદ્ધા સુમન અર્પણ કરાયા હતા. આ મેડીકલ કેમ્પનું દિપ પ્રાગટ્ય ૯૬ વર્ષની જૈફ વયના પીઢ ગાંધીવાદી અગ્રણી અને પૂર્વ ધારાસભ્ય ગોકળભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. મોરબીના અનેક અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. પ્રશાંત મેરજા ફાઉન્ડેશનના પ્રમુખ બી.એ. ગામીએ મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. દર્દીઓના રજીસ્ટ્રેશનની કામગીરી શ્રીમતિ રિન્કુ સજ્ઞી મેરજાએ ઉપાડી હતી. મોરબીના ચેસ્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉ. ભાવીન ગામી, ફિઝીશ્યન ડૉ. હિતેષ કંઝારીયા, સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. અરવિંદ મેરજા, ઓર્થોપેડિક સર્જક ડૉ. સુકાલીન મેરજા, એમટીપી ન્યુરો ડૉ. યોગીશ કંઝારીયા, ડેન્ટલ સર્જન ડૉ. ધવલ પટેલ, નેત્ર સર્જન ડૉ. કૃપાબેન મેરજા વિગેરેની ટીમ ગરીબ દર્દીઓને યોગ્ય સારવાર આપવા ભારે મોટી જહેમત ઉઠાવી હતી. અત્રે ઉલ્લેખનીય રહેશે કે પ્રતિવર્ષ શિક્ષણ, ખેલકુદ જેવી વિવિધ પ્રવૃત્તિઓની વિશિષ્ટ પ્રતિભાઓને ડૉ. પ્રશાંત મેરજા એવોર્ડ એનાયત કરાય છે. નિરાધાર મહિલાઓ અને આશાસ્પદ ગરીબ ભૂલકાઓની પણ વિવિધ રીતે ખેવના કરીને ડૉ. પ્રસાંત મેરજાના વિચારને અમર રાખવા મેરજા પરિવારના શ્રીમતિ સુશીલા મેરજા, અધિક કલેક્ટર રમેશ મેરજા તથા શ્રીમતિ ભાવના સરડવા વિગેરે સતત ચિંતિત રહે છે. સમગ્ર મેડીકલ કેમ્પને સફળ બનાવવા સજ્ઞી બ્રિજેશ મેરજાએ ખુબ પરિશ્રમ ઉઠાવી પરોપકારી કાર્યો થકી પોતાના મોટાભાઈ ડૉ. પ્રશાંતને ભાવ-વિભોર અંજલિ અર્પિ હતી. મેડીકલ કેમ્પની સફળતામાં રજની મેરજા(થોરાળા) મહેન્દ્રભાઈ વ્યાસ અને હિમાંશુ વ્યાસનું યોગદાન ઉલ્લેખનીય છે.

# પાલનપુરની બનાસડેરીમાં પ્રથમવાર અમુલ ફેડરેશનની બેઠક યોજાઈ

### વારાણસીમાં નવીન બનાસ ડેરી પ્લાન્ટ સ્થાપશે

પાલનપુર, તા. ૨૪

આજે પ્રથમ વાર ફેડરેશનના ૧૮ સભ્યોએ એક મંચ પર બનાસકાંઠાની બનાસડેરી પર ભેગા થયા હતા.

આ બેઠકમાં અનેકો નવીન વિકાસશીલ નિર્ણયો પર ચર્ચા થઈ હતી. જે જોતા આગામી સમયમાં બનાસડેરી ચેરમેન શંકરભાઈ અને ટીમ વારાણસીમાં નવીન બનાસ ડેરી પ્લાન્ટ સ્થાપશે. આ નવીન પ્લાન્ટ બાબતે બનાસડેરી ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સંકેતો પણ આપ્યા હતા તેમજ અમુલ ફેડરેશન દ્વારા આગામી સમયમાં સમગ્ર ગુજરાતના સભાસદોને પૂર્ણ ન્યાય મળે તે માટે આ બેઠકની વિશેષ મહત્વ ગણાવ્યુ હતુ. તેમજ આ પ્રસંગે અમુલ ફેડરેશનના ચેમરેન જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે આજની બેઠકમાં ગુજરાતના પશુપાલકો અને સભાસદોને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં સમૃદ્ધ થાય તે માટેના પ્રયાસ કરાશે.



## બીએસએનએલના નવા પ્લાન : 'તીન ઈક્કે, દિલ ખોલ કે બોલ' અને 'નહલે પે દેહલા'

સરકારી ક્ષેત્રની સૌથી મોટી ટેલિકોમ કંપની બીએસએનએલ ગ્રાહકો માટે ત્રણ નવા ખૂબ આકર્ષક પ્લાન લાવી છે જે તેમના નામ ની મુજબ વર્તમાનમાં ઉપલબ્ધ કોઈ પણ પ્લાન કરતાં ચઢિયાતા છે. અને ગ્રાહકોની ડેટા અને વોઈસને લગતી તમામ જરૂરિયાત પૂરી કરે છે.

Triple Ace (તીન ઈકકા -૩૩૩) પ્લાનમાં પ્રતિ દિવસ 3 GB, 3G ડેટા પૂરા ૩ મહિના(૯૦ દિવસ) માટે મળે છે. નહલે પે દેહલા પ્લાન-૩૯૫ માં પ્રતિદિન 2 GB,3G ડેટા અને ૩૦૦૦ મિનિટ BSNL નેટવર્ક અને ૧૮૦૦ મિનિટ અન્ય નેટવર્ક પર લોકલ તેમજ એસટીડી કોલ્સ પૂરા ૭૧ દિવસ માટે ફ્રી આપવામાં આવી રહ્યા છે. આ રીતે પ્લાન-૩૪૯ 'દિલ ખોલ કે બોલ' માં ગ્રાહકો કોઈ પણ નેટવર્ક પર અનલિમિટેડ વોઈસ કોલ ની સાથે સાથે 2 GB ડેટા ૨૮ દિવસ માટે વાપરી શકે છે. ડો. પ્રદીપ કુમાર હોતા, મુખ્ય મહાપ્રબંધક, ગુજરાત પરીમંડળ એ ગ્રાહકોનો આભાર વ્યક્ત કરવા ની સાથે આ નવા પ્લાન ગ્રાહકોને સમર્પિત કર્યા.




આજ રોજ વેજલપુર પાર્થેશ્વર મહાદેવ ખાતે, દંત ચિકિત્સા, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, આંખની તપાસ માટે ફ્રી નિદાન કેમ્પ યોજાયેલ. જેમાં વેજલપુરના કાઉન્સીલર શ્રી દિલીપ બગડીયા, શ્રી જયેશ ત્રિવેદી અને ભાજપ પ્રદેશ મંત્રી શ્રી અમિત ઠક્કર ઉસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં જીવરાજ પાર્ક, મકરબા, વેજલપુર, સેટેલાઈટ વિસ્તારના તમામ લોકો હાજર રહી નિદાન કેમ્પનો લાભ લીધો હતો.

# વિદ્યાર્થિની પર થયેલ કથિત દુષ્કર્મની ઘટનાને રાજ્ય મુખ્ય શિક્ષક સંઘે વખોડી

દિયોદર, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાની મખાણું પ્રાથમિક શાળાની સગીર વિદ્યાર્થીની પર શાળાના જ શિક્ષક ચંદુ ભગોરાએ દુષ્કર્મ આચર્યુ હોવાની પોલીસ ફરીયાદ બાદ દિયોદર પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી શિક્ષકને પકડી પાડ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે આ મામલે આરોપી શિક્ષક પર સર્વત્ર ફિટકાર વરસી રહ્યો છે. શિક્ષક એ સભ્ય સમાજનું એક વિશિષ્ટ અંગ છે, તેની પાસે સમાજ અને દેશને ઘણી અપેક્ષાઓ હોય છે. ત્યારે આ કથિત દુષ્કર્મની ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક સંઘે સખ્ત શબ્દોમાં વખોડી કાઢતા ગુજરાત મુખ્ય શિક્ષક સંઘના પ્રમુખ ભદ્રસંહ રાઠોડે મીડિયાને પત્ર લખી જણાવ્યું છે કે સમાજ જ્યારે શિક્ષકો પર વિશ્વાસ મુકીને બાળકોને શાળાએ મુકે છે ત્યારે બનતા આવા કેટલાક પ્રસંગોથી શિક્ષક સમાજ બદનામ થાય છે. અને વધુમાં તેમણે જન સમુદાયને વિનંતી કરતાં જણાવ્યું છે કે સમગ્ર શિક્ષક સમાજને આ દ્દષ્ટિથી ન જુએ.

# કિશોરસિંહ રાઠોડને જામીન આપવાનો ઈનકાર

અમદાવાદ, તા. ૨૪

રૂપિયા ૨૭૦ કરોડના ડ્રગ્સની હેરાફેરીના ચકચારભર્યા કેસમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોર રાઠોડની જામીનઅરજી આજે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે ગુનાની ગંભીરતા ધ્યાનમાં લઈને આરોપી કિશોર ભાવસિંહ રાઠોડને જામીન આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. કોર્ટે આ કેસમાં ફાઈલ થઈ ગયેલા ચાર્જશીટની નકલ આરોપીને આપવા પણ નિર્દેશ કર્યો હતો. ડ્રગ્સની હેરાફેરીના અને આંતરરાષ્ટ્રીય કનેકશન સાથે જોડાયેલા ચકચારભર્યા આ કેસની વિગત એવી છે કે, ગુજરાત એટીએસ અને શહેર ક્રાઈમ બ્રાંચે એક સંયુકત ઓપરેશન મારફતે મે-૨૦૧૬માં અમદાવાદ નજીકની એક ફેકટરીમાં દરોડા પાડી મોટાપાયે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આરોપી નરેન્દ્ર કાચાની ધરપકડ કરી હતી. પોલીસે ડ્રેફીનમાંથી મેટાફેટામાઈન ડ્રગ્સ બનાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

### ગાબડા યથાવત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવતા વોકીંગ કરનારા પણ અકસ્માતનો ભોગ બને છે.

શહેરમાં એક દાયકાથી વધુ સમય પુર્વે ફુટપાથ નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પ્રથમ તબક્કામાં સરકીટ હાઉસ તરફના માર્ગ પર ફુટપાથનુ નિર્માણ કરાયુ હતુ. જયારે ત્યારબાદ તબક્કાવાર નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ ફુટપાથનુ નિર્માણ કરાયુ હતુ. જયારે તબક્કા મુજબ અન્ય માર્ગોને પણ ફુટપાથની સુવિધા હેઠળ આવરી લેવાયા હતા. બે વર્ષ અગાઉ ફુટપાથની બાકી કામગીરી અંગે સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે ફુટપાથની બાકી કામગીરી પણ પુર્ણ કરવામાં આવી હતી. જો કે હજુ પણ આર ટી ઓ કચેરીની એકબાજુમાં ફુટપાથનુ કામ બાકી છે. જો કે ફુટપાથ નિર્માણની કામગીરી અન્વયે ગુણવત્તા સામે પણ અનેક વાર સવાલો મંડરાયા છે. ત્યારે નગરના વોક વે ના ગાબડા પુરવા હાથ ધરાયેલી કામગીરી દરમિયાન પણ ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્રોશ આમ નાગરિકોમાં પ્રબળ બન્યો છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના માર્ગોના નવિનીકરણની સાથે બ્યુટીફિકેશનના કામો પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન નગરની ફુટપાથના ગાબડા પુરવા માટે પણ કામ હાથ ધરાયુ હતુ. જેમાં કેટલાક ઠેકાણે વોક વે પર આડશ બનતા કપાયેલા વૃક્ષોના થડીયા પણ દુર કરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ ફુટપાથ રીપેરીંગની કામગીરીમાં સદંતર વેઠ વાળી ભ્રષ્ટ નીતિ અપનાવાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે નગરની ફુટપાથ પર આમ નાગરિકોને અકસ્માતનો ભોગ બનતા અટકાવવા માટે ત્વરિત જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

### નકસલી હુમલામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. જો આ બોમ્બને નિષ્ક્રિય કરવામાં ન આવ્યો હોત તો વધુ લોકોના મોત થઈ શક્યા હોત.

અત્રે નોંધનિય છે કે થોડાક દિવસ પહેલા જ સુકમામાં જ આવો જ એક ભીષણ હુમલો નકસલવાદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં ૧૨ જવાન શહીદ થઈ ગયા હતા. સોમવારના દિવસે જ આરટીઆઈ હેઠળ ગૃહ મંત્રાલયના પાસેથી મળેલી માહિતીમાં જાણવા મળ્યું છે કે દેશમાં પાંચ વર્ષથી વધુ સમયગાળામાં નકસલી હિંસાની ૫૯૬૦ ઘટનાઓ બની છે. આ ઘટનાઓમાં ૧૨૨૧ નાગરિકોના મોત થયા છે. ૪૫૫ સુરક્ષા જવાનો શહીદ થયા છે અને ૫૮૧ નકસલવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. નકસલવાદીઓ દ્વારા આજે કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ નકસલવાદીઓને શોધી કાઢવા માટે વ્યાપક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. બપોરના ગાળામાં દક્ષિણ બસ્તરમાં ૧૨.૨૫ વાગે આ એન્કાઉન્ટર બન્યું હતું. રાજ્યમાં સૌથી નકસલવાદી પ્રભાવિત પ્રદેશ પૈકીના એક તરીકે બસ્તરને ગણવામાં આવે છે. ઘાયલ થયેલા સાત જવાનોને સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા. નિર્માણ હેઠળ રહેલા રસ્તાના ભાગરૂપે સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. નકસલવાદીગ્રસ્ત વિસ્તારોમાં મોટાપાયે ઓપરેશન ફરીથી હાથ ધરવામાં આવે તેવા સંકેત પણ મળી રહ્યા છે. આ હુમલાથી મોદી સરકાર પણ હચમચી ઉઠી છે.

### પથ્થરબાજી મામલે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યુ હતુ કે ખીણમાં સ્થિતીને સામાન્ય બનાવવા માટે એક માહોલ બનાવવાની જરૂર છે. પથ્થરબાજીના જવાબમાં ગોળીબાર કરવાથી સ્થિતીમાં સુધારો થશે નહી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે વાતચીત મારફતે ખીણમાં સ્થિતીને હળવી કરવામાં મદદ મળશે. ભાજપ અને પીડીપી વચ્ચે મતભેદોને લઈને પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે આને પણ વાતચીત મારફતે પણ જ દુર કરવામાં આવનાર છે. મહેબુબાએ કહ્યુ હતુ કે વડાપ્રધાન વારંવાર પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના રસ્તા પર આગળ વધવાની વાત કરી ચુક્યા છે. તેમણે કહ્યુ હતુ કે વાજપેયીની નિતી વાતચીતની હતી. સંઘર્ષની નિતી ન હતી. સ્થિતીને સામાન્ય કરવાના તમામ પ્રયાસ કરાઈ રહ્યા છે. બેઠક બાદ મહેબુબાએ કહ્યું હતું કે મોટાભાગના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરમાં પહેલા વાજપેયીના સમયે વાતચીત થઈ હતી. તે વખતે એલકે અડવાણી નાયબ વડાપ્રધાન તરીકે હતા. હુર્રિયતની સાથે પણ વાતચીત થઈ હતી. અન્યો સાથે પણ વાતચીત થઈ હતી. આ અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારના દિવસે જ સૂચન કર્યું હતું કે બીજા રાજ્યોને જમ્મુ-કાશ્મીરમાં કાર્યક્રમ આયોજન કરવા જોઈએ. આ ઉપરાંત બીજા રાજ્યોને કાશ્મીર ખીણના યુવાનોને પોતાના ત્યાં શિક્ષણ મેળવવા માટે આમંત્રણ આપવું જોઈએ. નીતિ આયોગ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન મુજબ મોદીએ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીને પણ સૂચન કર્યું હતું. જેમાં તમામ રાજ્યોમાંથી જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓમાં રસ દર્શાવવાની વાત કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં કાશ્મીરી યુવાનો પર હુમલા કરવામાં આવી ચુક્યા છે. કાશ્મીરમાં સુરક્ષા દળો પર પથ્થરમારાની પ્રતિક્રિયા રૂપે આ હુમલા કરવામાં આવ્યા હતા. મોદી અને મુફતી વચ્ચે આ વાતચીત એવા સમય થઈ છે જ્યારે શ્રીનગરમાં લોકસભા પેટાચૂંટણી દરમિયાન હિંસક પ્રદર્શન થયા હતા. મતદાનની ટકાવારી ખૂબ ઓછી રહી હતી. આ ચૂંટણીમાં પીડીપીને પોતાની સીટ નેશનલ કોન્ફરન્સની સામે ગુમાવવી પડી હતી. આ સીટમાં પીડીપીને વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં જીત મળી હતી.

મુફતીના નેતૃત્વમાં રાજ્ય સરકારને ત્યાં થઈ રહેલી હિંસાના કારણે આકરી પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ ભાજપના રામમાધવને ગયા શુક્રવારના દિવસે રાજ્યના નાણા રાજ્યમંત્રી તથા સિનિયર પીડીપી નેતા સાથે વાતચીત કર્યા બાદ તેમના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. આ મુલાકાતને રાજકીય જાણકાર લોકો ખૂબ મહત્વ આપી રહ્યા છે કારણ કે ભાજપ અને પીડીપી સાથે મળીને સરકાર ચલાવી રહ્યા છે. હાલમાં જ રાજ્યમાં પથ્થરબાજીની ઘટનામાં વધારો થયો છે. સાથે સાથે આતંકવાદ સાથે જોડાયેલા યુવાનોમાં વધારો થયો છે. ત્રાસવાદીઓ સામે લડી રહેલા સુરક્ષા દળોને સામાન્ય લોકો તરફથી પણ નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે.

### નોટીફાઈડ ડિસીઝ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા આરંભી દેવામાં આવી છે. આ નંબર પર જાણકારી મળતાં જ દર્દીના ત્યાં આરોગ્યની ટીમ ટુંકામાં ટુંકા સમયગાળામાં પહોંચી જશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે આ માટે આરોગ્ય કમિશનર લેવલે બેઠકોનો દોર ચાલી રહ્યો છે એટલુ જ નહિ નીચે છેવાડામાં છેવાડા કર્મચારીની વિગતો સાથેની ડિરેક્ટરી પણ તૈયાર કરવામાં આવી રહી છે. આ બધી જ કામગીરી હાલ તેના અંતિમ તબક્કામાં છે.

આ ઉપરાંત મેલેરિયાના સંવેદનશીલ વિસ્તારોની ઓળખ માટે હાલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટેના પણ આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. રાજ્ય સરકારે મેલેરિયા નાબુદી અભિયાનને બહુકોણીય રીતે શરૂ કરવાની દિશામાં મન બનાવી લીધુ છે અને આગામી દિવસોમાં વધુ મહત્વના નિર્ણયો લેવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

### કોર્પોરેટ આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે ગત સપ્તાહ પુર્વે જ ખાતમુહુર્ત વિધિ કરવામાં આવી છે. સાત મજલાના આ આવાસોમાં કર્મચારીઓ માટે સઘળી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

હાઈરાઈઝ બિલ્ડીંગને કોર્પોરેટ લુક આપવામાં આવી રહયો છે. જયારે કમ્પાઉન્ડ વોલ તેમજ પાર્કીંગ સહીતની જરૂરી તમામ સગવડો કર્મચારીઓને મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરમાં હાલ મોટાભાગના સરકારી આવાસો મરણપથારીએ છે. ત્યારે તંત્રના ચોપડે આવાસ મેળવવા માટે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. એકબાજુ રીનોવેશનની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. ત્યારે રહેણાંકને લાયક આવાસોના અભાવે કર્મચારીઓને મકાન ફાળવવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે. જો કે નવા આવાસો તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. આગામી દોઢ વર્ષમાં સે-૩૦ માં પણ નવા આવાસો બાંધવાનુ કામ પુર્ણ કરી દેવાશે. ત્યારે શહેરમાં કર્મચારીઓને રહેણાંકને લાયક કોર્પોરેટ લુક ધરાવતા ૧૦૬૪ મકાનો બની જશે.

### ગૌરવ દિવસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવણી જિલ્લા મથકોએ યોજવાનો નિર્ણય કર્યો હતો જેને અપ્રતિમ સફળતા મળતા આ કાર્યક્રમો જિલ્લા મથકોએ યોજવામાં આવી રહ્યા છે જે સંદર્ભે સંબંધિત જિલ્લાઓને વિવિધ વિકાસ કામોની ભેટ મળે છે અને લોકો તેમાં જોડાઈને દિવાળી ઉજવતા હોય તેવો માહોલ જોવા મળે છે. આ વર્ષે પહેલી મે, ગુજરાત ગૌરવ દિનની ઉજવણી અમદાવાદ જિલ્લા-શહેરમાં થઈ રહી છે. મંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, પહેલી મે, સંદર્ભે અમદાવાદ શહેરને ગૃહ વિભાગના વિવિધ માળખાગત સવલતોના રૂપિયા ૧૦૧ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત થનાર છે, તેમાં રૂપિયા ૮૦ કરોડના ખર્ચે સાબરમતી રિવરફ્રન્ટ નજીક નિર્માણ થનાર અદ્યતન સુવિધા સાથેની પોલીસ કમિશનર કચેરી ભવનનું ખાત મુહૂર્ત મુખ્યમંત્રીના હસ્તે કરાશે. જેનાથી વિવિધ અલગ અલગ જગ્યાએ બેસતી કચેરીઓ એક જ છત્ર હેઠળ આવતા પ્રજાજનોનો સમય બચશે. સાથે સાથે રૂપિયા ૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ જેલ ભવનનું પણ લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે ૩૦મી એપ્રિલના રોજ કરાશે. એ જ રીતે પહેલી મેના રોજ સવારે મુખ્યમંત્રી ઈન્દુચાચાની પ્રતિમાને તથા શહીદ સ્મારકને પણ પુષ્પાંજલિ અર્પણ કરીને રૂપિયા ૧૫.૬૭ કરોડના ખર્ચે નિર્માણ થયેલ અદ્યતન સુવિધાયુક્ત હોમગાર્ડ્ઝ ભવનનું લોકાર્પણ પણ મુખ્યમંત્રીના હસ્તે કરાશે તેમ તેમણે જણાવ્યું હતું.